# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંક : ૧૨૩ /૨૦૨૬

વિષય : NEP-2020 સ્નાતક કક્ષાના ઓનર્સ અને ઓનર્સ વિથ રીસર્ચ અભ્યાસક્રમના ચોથા વર્ષ માટે (સેમેસ્ટર-૭ અને ૮) ની ફી, બેઠકો, પ્રવેશ પાત્રતા અંગે.

સંદર્ભ : ૧. યુનિવર્સિટીના પરિપત્ર નં.૨૦૮/૨૦૨૪, તા.૧૯/૦૯/૨૦૨૪

૨. એકેડેમિક કાઉન્સિલની તા.૨૯/૦૬/૨૦૨૬ ની સભાના ઠરાવ નં.૮.૨૧૫.૧

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તેમજ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ હેઠળ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ, હોમસાયન્સ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાના ઓનર્સ (Honors) અને ઓનર્સ વિથ રિસર્ચ (Honors with Research) અભ્યાસક્રમનું ચોથું વર્ષ શરુ કરવા નીચે મુજબના નિયમો મંજૂર કરવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

## (૧) ફી બાબતે :-

સ્નાતક ઓનર્સ (U.G Honors) ની એડહોક ફી

| ક્રમ | કોલેજનો પ્રકાર | ફીની વિગત |
|---|---|---|
| (૧) | સરકારી | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માં ફી લેવામાં આવે છે તે પ્રમાણે સેમેસ્ટર-૭ અને ૮ માટે ફી લેવાની રહેશે. |
| (૨) | અનુદાનિત | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માં ફી લેવામાં આવે છે તે પ્રમાણે સેમેસ્ટર-૭ અને ૮ માટે ફી લેવી. ઉપરાંત યુ.જી. ઓનર્સ ફી પેટે પ્રતિ સેમેસ્ટર રૂા. ૧૦૦૦/- લેવાના રહેશે. |
| (૩) | સ્વવિત્ત અભ્યાસક્રમ/કોલેજ | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માટે નિયત થયેલ ફી પ્રમાણે સેમેસ્ટર-૭ અને ૮ માટે ફી લેવાની રહેશે. |

સ્નાતક ઓનર્સ વિથ રીસર્ચ (U.G Honors with Research) ની એડહોક ફી

| ક્રમ | કોલેજનો પ્રકાર | ફીની વિગત |
|---|---|---|
| (૧) | સરકારી | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માં ફી લેવામાં આવે છે તે પ્રમાણેની ફી સેમેસ્ટર-૭ અને ૮ માટે ફી લેવાની રહેશે. |
| (૨) | અનુદાનિત અભ્યાસક્રમ/કોલેજ સાયન્સ વિદ્યાશાખા સિવાય | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માં ફી લેવામાં આવે છે તે પ્રમાણેની ફી સેમેસ્ટર-૭ અને ૮ માટે લેવી તથા યુ.જી. ઓનર્સ વિથ રીસર્ચ ફી પેટે પ્રતિ સેમેસ્ટર રૂા. ૨૦૦૦/- લેવાના રહેશે. |
| (૩) | અનુદાનિત અભ્યાસક્રમ/કોલેજ સાયન્સ વિદ્યાશાખા | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માં ફી લેવામાં આવે છે તે પ્રમાણેની ફી સેમેસ્ટર-૭ અને ૮ માટે લેવી તથા યુ.જી. ઓનર્સ વિથ રીસર્ચ ફી પેટે પ્રતિ સેમેસ્ટર રૂા. ૩૦૦૦/- લેવાના રહેશે. |
| (૪) | સ્વવિત્ત અભ્યાસક્રમ/કોલેજ | સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ માટે નિયત થયેલ ફી પ્રમાણે સેમેસ્ટર-૭ અને ૮ માટે ફી લેવાની રહેશે. |

(૨) પ્રવેશ પાત્રતા :-

(૧) ઓનર્સ અભ્યાસક્રમ :-

સેમેસ્ટર-૦૬ પાસ કરેલ વિદ્યાર્થી કે જેણે મેજર કોર્ષમાં ૬૪ ક્રેડીટ અને કુલ ૧૩૨ ક્રેડીટ મેળવેલ હશે તેવા U.G. ડીગ્રી ધરાવતા વિદ્યાર્થી ચતુર્થ વર્ષમાં સેમેસ્ટર-૦૭માં (U.G. ઓનર્સ ડીગ્રી – રીસર્ચ વિના) પ્રવેશ મેળવી શકશે.

(૨) ઓનર્સ વિથ રીસર્ચ અભ્યાસક્રમ :-

U.G. ઓનર્સ ડીગ્રી (રીસર્ચ સાથે) માં પ્રવેશ માટે વિદ્યાર્થીએ સેમેસ્ટર-૦૧ થી ૦૬ ના ન્યુનત્તમ કુલ ૭૫ % ગુણ કે તેથી વધુ ગુણ ફરજીયાત મેળવેલા હોવા જોઇશે.

(૩) બેઠકોની ફાળવણી :-

| સ્નાતક ઓનર્સ (U.G Honors) ની બેઠકો | | |
|---|---|---|
| ક્રમ | કોલેજનો પ્રકાર | બેઠકની વિગત |
| (૧) | સરકારી/અનુદાનિત/સ્વવિત્ત કોલેજ | મૂળ ડિવિઝન દિઠ મહત્તમ ૮૦ બેઠકો સેમેસ્ટર-૦૭ માટે રહેશે. |
| **સ્નાતક ઓનર્સ વિથ રીસર્ચ (U.G Honors with Research) ની બેઠકો** | | |
| • રીસર્ચ ગાઈડ દિઠ મહત્તમ-૧૦ બેઠકો રહેશે. | | |

❖ બંને અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૭ માં પ્રવેશ મેરીટ અને અનામતના ધારા-ધોરણો ધ્યાને રાખી આચાર્યશ્રી/વિભાગના વડા/ઓર્ડીનેટરશ્રીઓએ આપવાના રહેશે.

❖ વધુમાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૭ માં સંલગ્ન અન્ય કોલેજમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીના એનરોલમેન્ટ ટ્રાન્સફર અંગે બંને કોલેજની N.O.C મેળવી પ્રક્રિયા કરવી.

માન.કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ મંજૂરી અનુસાર,

કુલસચિવ

નં.–એકે/પ્રવેશ/ઓનર્સ/ઓનર્સ વિથ રિચર્ચ/૨૨૬૪ /૨૦૨૬
તારીખ :૦૪/૦૭/૨૦૨૬

પ્રતિ,
આ યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તેમજ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.

નક્લ સાદર રવાના (જાણ સારૂ) :-

૧. માન.કુલપતિશ્રીના રહસ્યશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ
૨. કુલસચિવશ્રીના અંગતશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

નક્લ સાદર રવાના (જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ) :-

૧. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૨. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૩. યુનિ. GCAS નોડલ ઓફિસર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૪. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (પરિપત્ર ફાઈલે)
૫. આંકડાશાસ્ત્ર શાખા, સંલગ્ન કોલેજો/વિભાગોને ઇ-મેઈલ કરવા સારૂ.
૬. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (યુનિવર્સિટીના વેબસાઈટ ઉપર મુકવા સારૂ)
૭. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.વડાલી, જી.સાબરકાંઠા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૮. ઈન્ફીનિટી ઈન્ફોવે,પ્રા.લી.રાજકોટ તરફ જાણ સારૂ.
૯. સંબંધિત ફાઈલે.